**યુનિક ઈનોવેશન**

વિઝ્યુઅલ સર્ચ એપ્લિકેશન્સથી એસએમએસ દ્વારા વોટિંગ કરવાની ટેક્નિક બદલાઈ જશે, બ્રાન્ડના સિમ્બોલનો ફોટોગ્રાફ લઈ અપડેટ લઈ શકશો તેમજ તમે લખેલા શબ્દોની ઈમેજને વાંચી સર્ચ કરશે.

# ફોટો પાડીને જ કલાકારને વોટ આપી શકશો

- **આઈઆઈટી-જીના 3 વિદ્યાર્થીઓએ પેટન્ટની એપ્લિકેશન કરી**

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

આઈઆઈટી ગાંધીનગરના ત્રણ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી ત્રણ જુદી જુદી વિઝ્યુઅલ સર્ચ એપ્લિકેશન્સ માટે પેટન્ટ ફાઈલ કરી છે.

આ એપ્લિકેશન્સ તેમણે તેમના સમર ઈન્ટર્નશિપ પ્રોગ્રામમાં ડેવલપ કરી છે. નોંધનીય છે કે આ ત્રણે વિદ્યાર્થીઓ રિકોહ ઈનોવેશન્સ, બેંગલોર ખાતે સમર ઈન્ટર્નશિપ કરી રહ્યા હતા. આ ત્રણે પ્રોડક્ટસને એક વાર પેટન્ટ કરીને તેમને ટૂંક સમયમાં રિલીઝ કરવામાં આવશે.

## વોટિંગ કરવાની પદ્ધતિ બદલાશે



તારકેશ્વર સિંઘ

અદિત ગુપ્તા અને તારકેશ્વર સિંઘે આશુતોષ ચંડની મેન્ટરશિપમાં એવી એપ્લિકેશન બનાવી છે કે જેમાં વોટિંગ માટે જે પ્રકારે એસએમએસ કરાય છે, તેની આખી શકલ જ બદલાઇ જશે. આ એપ્લિકેશનમાં ધારો કે તમારે કોઇ બોલિવૂડ એક્ટરને વોટ કરવો છે તો તમારે કોઇ એસએમએસ મોકલવાની જરૂર નથી. માત્ર જે તે એક્ટરના ફોટોગ્રાફ પાસે તમારા ફોનનો કેમેરા લઇ જાવ અને તેનો ફોટો પાડો. આ સાથે જ તમારો વોટ રજિસ્ટર થઇ જશે. ઓનલાઇન ટ્રેન્ડ્સ પણ જોવા મળશે.

## કોઈ પણ શહેરમાં ખરીદી સરળ



અદિત ગુપ્તા

જેમી ગ્રેહામની મેન્ટરશિપ નીચે તૈયાર થયેલી અદિત ગુપ્તા અને ટિમોથી બેલોલની એપ્લિકેશન ખરીદીની પદ્ધતિ બદલશે. કોઇ અજાણ્યા શહેરમાં હોવ, તમારે ખરીદી કરવાની થાય તો માત્ર એટલું કરવાનું છે કે તમારા સ્માર્ટફોનમાં રહેલી આ એપ્લિકેશનમાં જઇને જે તે બ્રાન્ડના સિમ્બોલનો ફોટોગ્રાફ લેવાનો છે. આ એપ્લિકેશન થોડા જ સમયમાં તમને તે શહેરમાં આવેલા આ બ્રાન્ડના શો રૂમ્સ અને તેમાં ચાલી રહેલા ડિસ્કાઉન્ટ્સ જેવી અપડેટ્સ આપશે.

## વર્ચ્યુઅલ નહીં હવે નેચરલ કી બોર્ડ

એકતા પ્રશનાનીએ આ પ્રોજેક્ટ તેમના મેન્ટર કૌશિક પવાની સાથે બનાવ્યો છે. આ એપ્લિકેશન તમે લખેલા કોઇ પણ શબ્દોને વાંચશે અને તમે ઇચ્છેલી વસ્તુ તમારા માટે સર્ચ કરશે. આને કારણે મોબાઇલમાં સર્ચ ટાઇપ કરવાને બદલે તમે સીધા જ કોઇ વસ્તુ સર્ચ કરી શકો છો. એપ્લિકેશન ખરાબ અક્ષરે લખાયેલા અંગ્રેજી ભાષાના શબ્દો વાંચી શકશે.

**સુધીર જૈન**| ડાયરેક્ટર, આઇઆઇટી જી

## ધાર્યા કરતાં વધુ સફળ

આઇઆઇટી-જીના અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ જે પ્રમાણે પેટન્ટ્સ ફાઇલ કરી રહ્યા છે અને દેશના પ્રખ્યાત જર્નલ્સમાં તેમના રિસર્ચ પેપર્સ છપાતા જોઇને એ ખાતરી થાય છે કે આઇઆઇટીમાં રિસર્ચનું એક આગવું કલ્ચર ઊભું થઇ રહ્યું છે. સમર ઇન્ટર્નશિપ પ્રોગ્રામ વિદ્યાર્થીઓ, યુનિવર્સિટી અને જે તે કંપની આ ત્રણે માટે લાભકારક નીવડે છે કારણ કે આ દરમિયાન જ વિદ્યાર્થીઓમાં રહેલી સાચી શક્તિઓનો પરિચય મળી શકે છે. અન્ડર ગ્રેજ્યુએટ લેવલના પ્રોગ્રામની ધાર્યા કરતાં વધુ સફળતા મળી.